# ધી ન્યુઝલાઇન

વર્ષ : ૨૮ અંક : ૨૦૩ તા.૩૦-૦૪-૨૦૨૨ પાનાં ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા

**ડ્રાઈવર ?**



ડ્રાઈવર, રસોયા,
નોકર શોધવા હવે
ખૂબ જ સરળ
**staffavailable.com**
ના એકદમ અલગ
પ્રકારના અને દેશમાં
એકમાત્ર આવી
સવલત ઓફર કરતાં
પ્લેટફોર્મ ઉપર તમારી
જરૂરિયાત મૂકી દો
**તદ્દન ફ્રી**
**staffavailable.com**

# રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની આગેવાની હેઠળ બજાર પોઝિટિવ ટ્રેન્ડ દર્શાવે

છેલ્લા થોડા દિવસોથી ઘટાડાનો ટ્રેન્ડ જોવાયા પછી ગુરુવારે રાતથી અમેરિકન બજારમાં એક નોંધપાત્ર સુધારો જોવાયો અને તેની અસર હેઠળ ભારતીય શેરબજારમાં પણ હવે મજબૂત અપટ્રેન્ડ શરૂ થાય તેવી ગણતરી છે. શુક્રવારે ખૂલતાની સાથે જ સેન્સેક્ષમાં ૩૩૦ પોઈન્ટનો સુધારો જોવાયો હતો અને મુખ્યત્વે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની આગેવાની હેઠળ બજાર અત્યારે પોઝિટિવ ટ્રેન્ડ દર્શાવે છે.

આવતા અઠવાડિયાથી જેની ઘણા મહિનાઓથી રાહ જોવાતી હતી તેવો એલઆઈસીનો આઈપીઓ ખૂલી રહ્યો છે અને તેમાં પણ આ વખતે રીટેઈલ ઈન્વેસ્ટરો ખૂબ જ ઉત્સાહથી ભાગ લે તે સંભાવના છે. અગાઉ આ પ્રકારનો ઉત્સાહ સને ૨૦૦૮ના પ્રારંભ વખતે રિલાયન્સ પાવરના આઈપીઓમાં જોવાયો હતો અને તે પછી કોલ ઈન્ડિયાના આઈપીઓમાં પણ રીટેઈલ ઈન્વેસ્ટરોએ આવો જ ઉત્સાહ દર્શાવેલો અને તેથી આ વખતે પણ રીટેઈલ ઈન્વેસ્ટરો ખૂબ જ મોટા પાયે શેરબજારમાં પાછા આવે તે સંભાવના મજબૂત છે.

સામે પક્ષે નવા અઠવાડિયા દરમ્યાન ૨જી અને ૩જી તારીખે અમેરિકામાં ફેડરલ રિઝર્વની મીટીંગ મળવાની છે અને તેમાં બહુમતી એનાલિસ્ટોનું મંતવ્ય છે કે ફેડરલ રિઝર્વ દ્વારા અડધા ટકાનો એટલે કે ૫૦ બેઝિક પોઈન્ટનો વધારો કરવામાં આવશે અને મહદઅંશે આ વધારા અંગે ફંડ મેનેજરોએ માનસિક રીતે તૈયારી કરી નાખી છે અને તેથી વાસ્તવિક વ્યાજદરમાં વધારો આવે તો તેને કારણે મોટા પાયે બજાર ગબડે તે સંભાવના નથી લાગતી. એમ પણ ૩જી તારીખે વ્યાજદર વધવાનો અને સાથે સાથે ૩જી તારીખે એલઆઈસીનું એન્કર ભરણું પણ ખૂલવાનું છે અને તેથી એનાલિસ્ટોને ભય છે કે વ્યાજદરમાં વધારાની અસર એન્કર ઈન્વેસ્ટર ઉપર થઈ શકે. સામે પક્ષે સરકાર અને એલઆઈસી દ્વારા કેટલાક મહત્ત્વના એન્કર ઈન્વેસ્ટરો પાસે ભરણા અંગે કમિટમેન્ટ મેળવી લેવાયું છે અને તેને કારણે ખાસ અસર પડે તે સંભાવના ઓછી છે.

ભારતમાં એક પછી એક કંપનીઓના પરિણામો આવતા જાય છે અને તેમાં મોટા ભાગની કંપનીઓમાં વૃદ્ધિદરને અસર પડી છે. કંઈક અંશે આઈટી કંપનીઓ અત્યાર સુધી આ નેગેટીવ અસરમાંથી બાકાત છે, પરંતુ સિમેન્ટ કંપનીઓ, એફએમસીજી કંપનીઓ અને ઓટોમોબાઈલ કંપનીઓના વેચાણો અને નફાશક્તિ ઉપર અસર પડે તેવી ગણતરી છે. અને તેને કારણે પણ સેન્ટીમેન્ટ થોડુંક દબાયેલું છે.

બીજી તરફ ચોમાસા અંગે આશાવાદ છે અને તેથી આગામી સમયગાળામાં કૃષિ અને ફર્ટિલાઈઝર શેરોમાં ધીમો સુધારો જોવા મળશે તે સંભાવના મજબૂત છે. તીવ્ર મોંઘવારીને કારણે લોકોની ખરીદશક્તિને અસર પડે તે સ્વાભાવિક છે અને જે રીતે ઉદ્યોગોમાં કાચામાલ ખર્ચમાં તોતીંગ વધારો થયો છે તેને કારણે માર્ચ ક્વાર્ટર પછી કંપનીઓના જૂન ક્વાર્ટરના નફાના આંકડા પણ નબળા આવે તો સહેજેય નવાઈ નહિ લાગે અને તેથી એકદમ બુલીશ ટ્રેન્ડ નથી દેખાતો. પરંતુ સામે પક્ષે જે સેક્ટરમાં છેલ્લા ચાર વર્ષ દરમ્યાન ભારોભાર નબળાઈ હતી તેવા બેંકિંગ, ફિનાન્સ, મ્યુચ્યુઅલ ફંડ અને રીયલ એસ્ટેટ સેક્ટરમાં આગામી સમયગાળામાં ધીમો સુધારો જોવા મળશે તેવી ગણતરી છે.

**૨જી અને ૩જી તારીખે અમેરિકામાં ફેડરલ રિઝર્વની મીટીંગ છે**

બેંકિંગ કંપનીઓમાં છેલ્લા ચાર વર્ષ દરમ્યાન એનપીએની ખૂબ જ ગંભીર અસર જોવાઈ હતી. રીયલ એસ્ટેટ સેક્ટરની મંદી અને સામે પક્ષે કેટલાક સ્ટીલ યુનિટોમાં પણ પૈસા ફસાઈ જવાને કારણે મોટા ભાગની બેંકો ભારે ઘાલખાધ અને એનપીએમાં ફસાઈ હતી અને તેમાં પણ સરકારી બેંકોની હાલત અતિશય ખરાબ હતી, પરંતુ હવે આગામી સમયગાળામાં મોટા ભાગની સરકારી બેંકોમાં એક તરફ કેન્દ્ર સરકાર દ્વારા રીકેપિટલાઈઝેશન દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવ્યું છે અને બીજી તરફ મોટા ભાગની સરકારી બેંકોએ જંગી એનપીએની જોગવાઈ કરીને મોટા નુકસાન દર્શાવ્યા હતા, પરંતુ હવે એનપીએમાં નવો વધારો આવે તે સંભાવના ઓછી છે અને સામે પક્ષે જૂના માંડવાળ કરાયેલા એકમોના વેચાણ થાય અને તેમાંથી થોડીક રકમ વસૂલ થાય તે સંભાવના પણ ઊભી થઈ રહી છે. રુચિસોયા અને અન્ય કેટલીક સ્ટિલ કંપનીઓમાં જે રીતે નેશનલ કંપની લો ટ્રીબ્યુનલમાં ઉકેલ આવ્યો છે તેને કારણે બેંકોની માંડવાળ કરાયેલી વસૂલાત પણ વધી છે. સામે પક્ષે જાન્યુઆરીથી માર્ચ ક્વાર્ટર દમર્યાન ધિરાણ વૃદ્ધિર પણ સારો છે અને બેંકોમાં ડિપોઝીટોનો પ્રવાહ પણ ખૂબ સુંદર છે અને આ તમામ પાસાઓને લીધે મોટા ભાગની બેંકોના આંકડા આગલા વર્ષની સરખામણીમાં ખૂબ જ પ્રોત્સાહક આવશે તેવી ગણતરી છે અને તેથી અત્યારના ભાવે બેંક શેરોમાં ખૂબ સુંદર વૃદ્ધિની જગ્યા છે. **સ્ટેટ બેંક**નો શેર શુક્રવારે ખૂલતાની સાથે રૂા. ૫૨૦ થઈ ગયો હતો અને તેમાં આગામી દિવસોમાં મજબૂત અપટ્રેન્ડ જોવા મળે તે સંભાવના મજબૂત છે. સ્ટેટ બેંકમાં પણ નેટ એનપીએનું પ્રમાણ ખૂબ નાનું છે અને તેથી તેમાં પણ માર્ચ ક્વાર્ટરના નફા જોરદાર આવવાની ગણતરી છે.

સામે પક્ષે **બેંક ઓફ બરોડા**નો શેર અત્યારે શુક્રવારે ખૂલતાની સાથે જ વધીને રૂા. ૧૧૭ ઉપર આવી ગયો હતો. આ શેર પણ ધીમા અપટ્રેન્ડમાં છે. ફેબ્રુઆરી મધ્યમાં રૂા. ૯૦વાળો બેંક ઓફ બરોડા અત્યારે રૂા. ૧૧૭ ઉપર તો આવી ગયો એટલે કે તેણે રૂા. ૨૭નો ઉછાળો ફક્ત બે મહિનામાં જ બતાવ્યો છે અને આગામી દિવસોમાં આ શેરમાં ધીમા સુધારા સાથે રૂા. ૧૨૪ અને તે પછી ધીમે ધીમે રૂા. ૧૪૦નો ભાવ જોવા મળશે તેવી ગણતરી છે અને તેથી થોડાક શેરો લઈને મૂકી શકાય. બેંક ઓફ બરોડામાં બૂકવેલ્યૂ જ રૂા.૧૬૦ છે તે પાસું ધ્યાનમાં રાખીએ તો તેની સરખામણીમાં મધ્યમગાળે રૂા. ૨૦૦-૨૪૦નો ભાવ જોવાશે તે નક્કી છે અને તેથી બે વર્ષના એન્ગલથી જો આ શેર પકડી લેવામાં આવે તો ઘણું જ સારું રિટર્ન તમને મળી શકશે. થોડીક ધીરજ રાખવી પડશે.

આવો જ સુંદર ઉછાળો **બેંક ઓફ ઇન્ડિયા**ના શેરમાં પણ દેખાય છે. રૂા. ૧૧૩ની બુકવેલ્યૂવાળો બેંક ઓફ ઈન્ડિયા અત્યારે ફક્ત રૂા. ૪૯ ઉપર ચાલી રહ્યો છે અને તેમાં પણ છેલ્લા ૧૨ મહિનામાં રૂા. ૭ની શેરદીઠ કમાણી હાંસલ થઈ છે. આવા જોરદાર શેર માટે ૧૦નો પીઈરેશિયો યોગ્ય માનીએ તો પણ નાખી દેતા રૂા. ૭૦નો ભાવ આવી શકે. ચાણક્યમાં અગાઉ દર્શાવ્યું હતું તેમ કેન્દ્ર સરકાર ગમે ત્યારે બેંક ઓફ ઈન્ડિયાનું ખાનગીકરણ કરી નાખે તે સંભાવના પણ ખૂબ મજબૂત છે અને તેથી સહેજ જાળવી રાખવાની ધીરજ હોય તો અત્યારના ભાવથી બેંક ઓફ ઈન્ડિયાના ૧૦૦૦-૨૦૦૦ શેરો લઈને મૂકી શકાય અને તેમાં ડિવિડન્ડ યીલ્ડ પણ હવે નવા વર્ષથી સારું છૂટે તે સંભાવના મજબૂત છે.

**પંજાબ નેશનલ બેંક**નો શેર છેલ્લા ઘણા સમયથી તદ્દન સામાન્ય ટ્રેન્ડ દર્શાવે છે. અત્યારે રૂા. ૩૫ ઉપર ચાલે છે અને તેમાં પણ બુકવેલ્યૂ રૂા. ૭૯-૮૦ છે. ૯.૨૬ના પીઈરેશિયો ઉપર મળતા આ શેરમાં પણ અત્યારના ભાવથી જોખમ નથી અને થોડાક શેરો આ ભાવે લઈને મૂકી શકાય.

દક્ષિણ ભારતની ટોચની બેંક **ઇન્ડિયન બેંક**નો શેર રૂા. ૧૬૩ ઉપર ચાલે છે અને તેમાં બુકવેલ્યૂ રૂા. ૩૩૦ છે. આ શેરમાં પણ રૂા. ૩૮.૮૮ની છેલ્લા ૧૨ મહિનાની શેરદીઠ કમાણી સામે કેવળ ૪.૧૮નો પીઈરેશિયો છે અને આ શેર પણ બે વર્ષના એન્ગલથી લઈને મૂકી શકાય અને આ શેરમાં પણ ૧૦૦ ટકા રિટર્નની સંભાવના ખૂબ મોટી છે. જ્યારે **ઇન્ડિયન ઓવરસીઝ બેંક** અત્યારે રૂા. ૧૮.૩૫ ઉપર મળી રહ્યો છે. બાવન અઠવાડિયામાં એક તબક્કે આ શેરે રૂા. ૨૯નું ટોપ પણ બતાવ્યું હતું અને તેમાં બૂકવેલ્યૂ રૂા. ૧૦.૭૨ છે. ઈન્ડિયન ઓવરસીઝ બેંકમાં થોડા રીરેટીંગની જગ્યા છે, પરંતુ બહુ મોટું રીરેટીંગ જોવા મળે તેવી આશા નહિ રાખતા.

**યુનિયન બેંક**નો શેર રૂા. ૪૦ ઉપર મળી રહ્યો છે અને તેમાં પણ રૂા. ૯૦ની બુકવેલ્યૂ છે અને કમાણીની સરખામણીમાં પીઈરેશિયો તદ્દન સામાન્ય છે. યુનિયન બેંકમાં પણ બે વર્ષના એન્ગલથી થોડાક શેરો લઈને મૂકી દેજો અને તેમાં પણ અદ્ભુત રિટર્ન છૂટી શકશે.

હાલના તબક્કે **જમ્મુ કાશ્મીર બેંક** કે પછી **બેંક ઓફ મહારાષ્ટ્રી** જેવા પ્રાદેશિક શેરોમાં કસ ઓછો છે. આવા શેરોને બદલે જો બેંક ઓફ બરોડા તમને જોરદાર રિટર્ન આપી શકતી હોય તો પછી બેંક ઓફ બરોડા કે બેંક ઓફ ઈન્ડિયાના શેરો શા માટે ન લેવા ?

સામે પક્ષે પ્રાઈવેટ સેક્ટર બેંકોમાં અપેક્ષા મુજબનો સુંદર વૃદ્ધિદર **આઈસીઆઈસીઆઈ બેંક** અને **એક્સિસ બેંકે** બતાવ્યો છે. સામે પક્ષે **એચડીએફસી બેંક**માં મર્જરની




જાહેરાત પછી ખૂબ જ મોટા પાયે વેચવાલી ઊભી થઈ અને તેથી સારા પરિણામો હોવા છતાં પણ તે પાસું ડિસ્કાઉન્ટ થઈ ગયું હતું.

મારી દૃષ્ટિએ અત્યારના ભાવથી **આઈસીઆઈસીઆઈ બેંક**નો શેર રૂા. ૭૫૪થી વધીને રૂા. ૧૦૦૦ થોડા મહિનામાં બતાવી શકશે. એકદમ ઝડપથી આ શેર ઊંચકાઈ તેવી આશા નહિ રાખતા.

જ્યારે **એક્સિસ બેંક**નો શેર શુક્રવારે ઘટીને રૂા. ૭૫૨ ઉપર આવ્યો છે. આ શેરમાં સુંદર પરિણામનો સપોર્ટ હોવા છતાં થોડા દિવસો હજી કોન્સોલિડેશન અને નબળાઈ જોવા મળી શકશે. પરંતુ ફન્ડામેન્ટલનો સપોર્ટ મોટો છે અને તેથી સામાન્ય ઘટાડા પછી આ શેર ધીરે ધીરે રૂા. ૮૧૫ અને તે પછી રૂા. ૧૦૦૦ તરફ આગળ વધશે તે પણ નક્કી છે.

**એચડીએફસી બેંક** માટે અગાઉ અન્ય ફંડ મેનેજરો રૂા. ૧૮૦૦ના ભાવનું લક્ષ્યાંક આપતા હતા. જ્યારે અમે તે માટે રૂા. ૨૦૦૦નું લક્ષ્યાંક દર્શાવેલું અને પરિણામ અને મર્જરની જાહેરાત પછી આ શેર માટે રૂા. ૨૫૦૦ના ભાવનું લક્ષ્યાંક પણ આપ્યું છે. એચડીએફસી બેંક અત્યારે મંદીની પકડ હેઠળ છે અને અત્યારના રૂા. ૧૩૭૧ના ભાવથી આવતા થોડા દિવસોમાં વધારે ઘટીને રૂા. ૧૩૫૩ અને તે પછીના ઘટાડે રૂા. ૧૩૩૩ સુધી ઉતરી જાય તે સંભાવના પૂરેપૂરી છે અને તેથી આ શેરમાં નીચા ભાવે ખરીદવાની તૈયારી રાખવી અને તે રીતે તમારી પડતર વધારે આકર્ષક બની શકશે.

અન્ય પ્રાઈવેટ સેક્ટર બેંકોમાં **ઇન્ડસઈન્ડ બેંક**નો શેર પણ ખૂબ જ આકર્ષક લેવલે ચાલી રહ્યો છે. શોર્ટટર્મમાં ઈન્ડસઈન્ડ બેંકમાં હજી કોન્સોલિડેશન અને નબળાઈનો તબક્કો છે, પરંતુ રૂા. ૯૮૮ના લેવલથી એકદમ મોટો ઘટાડો આવી જવાનો ભય નથી અને આ શેરમાં ધીરે ધીરે અપટ્રેન્ડ સાથે રૂા. ૧૩૦૦-૧૪૦૦નો ભાવ બેસે છે. સહેજ ધીરજ રાખીને રોકાણ કરી શકાય.

**કોટક બેંક** અત્યારે રૂા. ૧૭૬૫ ઉપર છે અને તેમાં પણ ટૂંકી વધઘટનો ટ્રેન્ડ દેખાય છે. એકદમ ઝડપથી ભાવ વધે તેવી આશા નથી, પરંતુ ઈન્વેસ્ટમેન્ટની રીતે રોકાણ જાળવી રખાય.પ્રાઈવેટ સેક્ટરમાં **એયુ સ્મોલ ફિનાન્સ બેંક**માં નફો સુંદર આવ્યો. અત્યારે રૂા. ૧૪૦૮ ઉપર છે અને આગામી દિવસોમાં તેમાં થોડો સમય ટૂંકી વધઘટ ઉપર ભાવ રહે તે સંભાવના મજબૂત છે, ભેગા કરી શકાય, પરંતુ એકદમ ઝડપથી વધવાનો નથી તે પાસું ખાસ ધ્યાનમાં રાખવું.

**ફેડરલ બેંક** અંગે અનેક ફંડમેનેજરો રૂા. ૧૩૦નું લક્ષ્યાંક આપીને લેવાની ભલામણ કરે છે. અત્યારના રૂા. ૯૭-૯૮ના ભાવે આ શેરમાં લાંબો કસ નથી દેખાતો અને તેથી દૂર જ રહેવું સલાહભરેલ. તે જ પ્રકારે રૂા. ૩૯-૪૦ ઉપરની **આઈડીએફસી ફર્સ્ટ બેંક**માં પણ લાંબો કસ નથી દેખાતો. વર્ષોથી આ શેરે નિરાશા જ આપી છે અને તેથી હવે આ શેર માટે આશા રાખવામાં મજા નથી. દૂર રહેશો તો નુકસાન નહિ થાય.

રૂા. ૩૩૬ ઉપર આવેલા **બંધન બેંક**ના શેરમાં ધીમો સુધારો જોવા મળવાની ગણતરી. પરિસ્થિતિ કંઈક સુધરી રહી હોવાથી આગામી દિવસોમાં આ શેર ધીરે ધીરે વધીને રૂા. ૩૫૦-૩૬૦ ઉપર આવવાની સંભાવના મજબૂત છે અને તેથી બંધન બેંક ઉપર હવે ફોકસ રાખી શકાય.

**સિટી યુનિયન બેંક**નો શેર અત્યારે રૂા. ૧૪૦ ઉપર મળી રહ્યો છે અને આ શેરમાં પણ ધીમા સુધારાની ગણતરી. બહુ લાંબી આશા રાખવામાં મજા નથી.

અન્ય પરચૂરણ બેંક શેરોમાં કેવળ પ્રેમવત્સ ગ્રૂપની **સીએસબી બેંક**નો શેર ધ્યાન ખેંચે છે. કામગીરી સારી છે. અને અત્યારના રૂા. ૨૨૦ના ભાવથી આ શેરમાં એક કે બે વર્ષમાં રિટર્ન મળવાની જગ્યા છે. શોર્ટટર્મમાં હજી આ શેરમાં નબળાઈ જોવા મળે તે સંભાવના મજબૂત, એટલે કે રૂા. ૨૧૮ના ભાવથી ઘટીને એક તબક્કે રૂા. ૨૦૮ સુધી પણ આવી શકે.

મ્યુચ્યુઅલ ફંડ શેરોની ચાલ થોડીક વિચિત્ર રહી છે. એક તરફ તમે દર મહિનાની શરૂઆતમાં વાંચતા હશો કે લાખ્ખોની સંખ્યામાં નવા મ્યુચ્યુઅલ ફંડ ફોલિયો ખૂલ્યા અને કરોડોની સંખ્યામાં ઈન્વેસ્ટરો એસઆઈપીમાં રોકાણ કરી રહ્યા છે એટલે પ્રથમ નજરે આપણને થાય કે મ્યુચ્યુઅલ ફંડોના પરિણામો સારા આવશે, પરંતુ વાસ્તવિકતા થોડીક અલગ જ દેખાય છે.

**એચડીએફસી મ્યુચ્યુઅલ ફંડ**ના નફામાં સામાન્ય વૃદ્ધિ જોવાઈ અને તે જ પ્રમાણે **આદિત્ય બિરલા એસેટ મેનેજમેન્ટ** પણ તદ્દન કંગાળ ચિત્ર દર્શાવે છે અને **નીપોન ઇન્ડિયા એએમસી** અને **યુટીઆઈ એએમસી**ના આંકડા પણ એવા ચમકદાર નથી અને આ ટ્રેન્ડ ધ્યાનમાં રાખીએ તો દેખીતી નજરે આ બધા શેરો જોરદાર હોવા છતાં તેમાં નજીકના સમયગાળામાં પૈસા મળે તેવી કોઈ સંભાવના નથી લાગતી. પરિણામની જાહેરાત પછી પણ એચડીએફસી એએમસીનો શેર વધારે ઘટીને રૂા.૨૦૪૯ ઉપર આવ્યો છે અને આવતા થોડા દિવસોમાં આ શેર વધારે તોડીને રૂા. ૨૦૧૬ અને શક્ય છે કે એક વખત રૂા. ૨૦૦૦ની અંદર પણ લઈ જવાય અને તેથી શોર્ટટર્મમાં દૂર જ રહેવું અને લોંગટર્મ એન્ગલ હોય તો આવતા ત્રણેક અઠવાડિયામાં કરેકશન પૂરું થાય ત્યાં સુધી રાહ જોવી સલાહભરેલ.

**યુટીઆઈ એએમસી**માં પણ અત્યારે ઘટાડાનો ટ્રેન્ડ ચાલી રહ્યો છે. રૂા. ૮૩૪ ઉપર આવી ગયેલા આ શેરમાં એક તબક્કે રૂા. ૮૧૫ આસપાસ ભાવ આવે તે પછી અપટ્રેન્ડ શરૂ થવાની ગણતરી છે અને તેથી આ શેરમાં હવે નવા રોકાણ માટે તૈયાર રહેવું. કરેકશન પછી અપટ્રેન્ડ શરૂ થઈ જાય તે સંભાવના મજબૂત છે.

**નીપોન ઇન્ડિયા એસેટ મેનેજમેન્ટ**માં પણ અત્યારે રૂા. ૩૨૦નો ભાવ ચાલી રહ્યો છે અને આ શેરમાં પણ સ્પષ્ટ રીતે મંદીની અસર છે. આવતા થોડા દિવસોમાં વધારે તોડીને રૂા. ૨૯૮ સુધી લઈ જવાય તો પણ નવાઈ નહિ લાગે, જ્યારે આદિત્ય બિરલા એએમસીએ તો આઈપીઓ પછી કોઈ જ આનંદ નથી આપ્યો. અને હજી પણ તેમાં પોઝિટિવ ટ્રેન્ડ જોવા મળવાની આશા નથી દેખાતી. સારાંક્ષ એટલો કે શોર્ટટર્મમાં ચારેય એસેટ મેનેજમેન્ટ કંપનીઓમાં નબળાઈ અને ઘટાડાનો તબક્કો છે અને તેમાં નવા રોકાણ માટે ચાર અઠવાડિયા પછી શરૂઆત કરી શકાય.

સામે પક્ષે એક્સચેન્જ શેરોમાં પણ અત્યારે ટૂંકી વધઘટનો તબક્કો ચાલી રહ્યો છે. **બીએસઈ**માં રૂા. ૧૦૨૦નું ટોપ જોવાયા પછી અત્યારે ભાવ ઘટાડા તરફી છે અને નીચામાં રૂા. ૯૨૧નું લેવલ તોડીને ધીરે ધીરે ભાવ ઘસાતો જાય તો નવાઈ નહિ લાગે. **ઇન્ડિયન એનર્જી એક્સચેન્જ**માં પણ છેલ્લા થોડા દિવસોથી ભાવ કરેકશનના તબક્કામાં છે. આ શેરમાં રૂા. ૨૫૦નું ટોપ જોવાયા પછી અત્યારે રૂા. ૨૧૧નો ભાવ આવ્યો છે અને આવતા થોડા દિવસોમાં વધારે ઘટાડા સાથે રૂા. ૨૦૦ની અંદર ભાવ ઊતરી જવાની સંભાવના મજબૂત છે. લોંગટર્મ માટે લીધા હોય તો જૂના શેરો જાળવી શકાય. જ્યારે નવા રોકાણ માટે રૂા. ૧૮૦ આસપાસ વિચાર કરવો અને તે લેવલ આસપાસ કરેકશન પૂરું થાય તે સંભાવના મજબૂત છે.

સુંદર કામગીરી ધરાવતી **સીડીએસએલ**માં પણ અત્યારે રૂા. ૧૬૦૦ના લેવલથી નબળાઈ શરૂ થઈ છે. અત્યારે રૂા. ૧૪૧૦નો ભાવ છે અને આવતા થોડા દિવસોમાં આ શેરમાં રૂા. ૧૩૩૪-૧૩૦૨ સુધી ભાવ ઉતરી જાય તો સહેજેય નવાઈ નહિ લાગે.

શેર ટ્રાન્સફર એજન્ટનું કામ કરતી **કમ્પ્યૂટર એજ મેનેજમેન્ટ**નો શેર અત્યારે કરેકશનના તબક્કામાં છે. આ શેરમાં રૂા. ૨૯૦૦નું લેવલ જોવાયા પછી અત્યારે રૂા. ૨૪૮૫નો ભાવ આવી ગયો છે અને આવતા થોડા દિવસોમાં ધીમે ધીમે ઘટીને રૂા. ૨૩૯૦ સુધી ભાવ ઉતરી જાય તો પણ સહેજેય નવાઈ નહિ લાગે અને તેથી શોર્ટટર્મ માટે આ શેરથી દૂર રહેવામાં સલામતી.

**એસબીઆઈ કાર્ડ્સ**નો શેર રૂા. ૮૩૯ ઉપર ચાલી રહ્યો છે અને આ શેરમાં પણ ઘટાડાનો તબક્કો છે. આગામી દિવસોમાં આ શેર રૂા. ૮૨૪ અને તે તૂટતા રૂા. ૮૧૦ સુધી ઉતરી જવાની સંભાવના મજબૂત છે. લોંગટર્મ ઈન્વેસ્ટમેન્ટની રીતે જાળવી રખાય કારણ કે લાંબાગાળાનું ફન્ડામેન્ટલ જોરદાર છે.

**આનંદરાઠી વેલ્થ**નો શેર અત્યારે રૂા. ૬૫૪ ઉપર ચાલી રહ્યો છે, ફંડ મેનેજરો આ શેર અંગે ખૂબ બુલીશ છે અને તેણે માર્ચ ક્વાર્ટરના આંકડા પણ ખૂબ સુંદર આપ્યા. આ શેરમાં રોકાણ જાળવી રખાય.

સામે પક્ષે **એન્જલ વન**ના શેર અંગે ફંડ મેનેજરો ખૂબ જ બુલીશ છે. અગાઉ એન્જલ બ્રોકિંગના નામથી આઈપીઓ આવ્યો હતો અને હવે તેણે એન્જલ વન નામ કર્યું છે. ચાણક્યમાં થોડા અંક પહેલા આ શેર રૂા. ૧૨૦૦-૧૩૦૦ વચ્ચેના ભાવે લઈ લેવાનું કહ્યું હતું અને તે વખતે રૂા. ૧૮૦૦ના ભાવનું લક્ષ્યાંક આપ્યું હતું. અત્યારે રૂા. ૨૦૦૦ ટચ કરીને રૂા. ૧૮૭૭ ઉપર આવી ગયો છે અને આ શેરમાં હજી પણ પરિણામનો જોરદાર સપોર્ટ હોવાથી ધીરે ધીરે ભાવ રૂા. ૨૨૦૦નું લેવલ કૂદાવશે તે નક્કી છે અને મધ્યમગાળે રૂા. ૨૪૦૦ના લક્ષ્યાંક સાથે કામ કરી શકાય.

ઓનલાઇન બ્રોકરેજમાં **આઈસીઆઈસીઆઈ સિક્યોરિટીઝ** દ્વારા પણ જોરદાર કામકાજ હાંસલ થયું છે. માર્ચ ક્વાર્ટરના પરિણામો પણ અફલાતૂન છે, પરંતુ કેવળ પરિણામને આધારે શેર નથી ચાલતા તે આઈસીઆઈસીઆઈ સિક્યોરિટીના ટ્રેન્ડ જોતા સ્પષ્ટ રીતે કહી શકાય.

પરિણામની જાહેરાત પછી પણ આ શેર વધારે ઘટીને રૂા. ૫૭૧ ઉપર આવ્યો છે અને હજી પણ આ શેર મંદીની અસર હેઠળ છે. આવતા થોડા દિવસોમાં રૂા. ૫૫૦-૫૬૦ વચ્ચે ભાવ આવી જવાની સંભાવના મજબૂત છે. અગાઉ આ શેરમાં રોકાણ કર્યું હોય તો અત્યારના નીચા ભાવે રોકાણ કરીને પડતર નીચી લાવી શકાય. બાકી નવું રોકાણ આ શેરમાં કરવું હોય તો બે કે ત્રણ અઠવાડિયા કરેકશન પૂરું થાય અને એકદમ આકર્ષક ભાવ આવે ત્યાં સુધી રાહ જોવી સલાહભરેલ. રૂા. ૫૪૦-૫૫૦ આસપાસ આ શેરમાં એન્ટ્રી લઈ લો તો જોખમ નહિવત અને લગભગ ૫૦ ટકા કરતા વધારે નફો મળવાની ગણતરી છે. લાંબાગાળે આ શેર માટે રૂા. ૧૦૦૦-૧૧૦૦નો ભાવ કહી શકાય અને તેથી રૂા. ૫૪૦ના ભાવને એન્ટ્રી લેનારને ૧૦૦ ટકા રિટર્ન મળવાની તક પણ છે.

**જિયોજિત ફિનાન્સીયલ** કે જે બ્રોકરેજનું કામ પણ કરે છે તેના શેરમાં કોઈ કસ નથી. અત્યારે રૂા. ૬૭ ઉપર ચાલી રહ્યો છે અને આ શેર વેચીને બેંક ઓફ ઈન્ડિયામાં શિફ્ટ થઈ જવાય.

હાઉસીંગ ફિનાન્સ શેરોમાં હવે એચડીએફસીની ચર્ચા નથી કરતા અને તે શેરમાંથી એચડીએફસી બેંકમાં તમે શિફ્ટ થઈ જવાના છો. માટે અત્યારથી પણ શિફ્ટિંગ વિચારી શકાય.

સામે પક્ષે **એલઆઈસી હાઉસીંગ ફિનાન્સ**નો શેર અત્યારે રૂા. ૩૯૩ ઉપર આવી ગયો છે. એલઆઈસીનો આઈપીઓ માથા ઉપર છે તે પાછળ શુક્રવારે આ શેરમાં રૂા. ૯નો ઝડપી ઉછાળો જોવાયો હતો અને આગામી દિવસોમાં પરિણામના સપોર્ટ સાથે આ શેર ધીરે ધીરે રૂા. ૪૦૩ તરફ આગળ વધે તે સંભાવના ખૂબ મજબૂત છે.

**રેપ્કો હોમ ફિનાન્સ** અંગે ફંડ મેનેજરો ખૂબ જ બુલીશ છે, પરંતુ શોર્ટટર્મમાં આ શેરમાં પણ રિટર્ન મળી જવાની આશા નથી દેખાતી.

**કેનફિન હોમ્સ** અત્યારે રૂા. ૬૦૭ ઉપર ચાલે છે અને આ શેરમાં કોન્સોલિડેશન અને નબળાઈનો તબક્કો છે. આ શેર વેચીને એલઆઈસી હાઉસીંગ ફિનાન્સમાં શિફ્ટ થઈ જવાય.

થોડા સમય પહેલા આઈપીઓ લઈને આવેલી **એપ્ટસ વેલ્યૂહાઉસીંગ, હોમ ફર્સ્ટ** અને **આવાસ**ના શેરોમાં લાંબો કસ નથી દેખાતો અને આ શેરોમાં નવા રોકાણથી દૂર જ રહેવું સલાહભરેલ.

**પીએનબી હાઉસીંગ**માં લાંબો કસ નથી રહ્યો. પંજાબ નેશનલ બેંકે જે રીતે નિરવ મોદીમાં કરોડો રૂપિયાનો ગોટાળો કર્યો તેને કારણે આ આખી બ્રાન્ડ તરફ નિરાશા દેખાય છે. સારા પરિણામ હોવા છતાં પણ પીએનબી હાઉસીંગનો શેર અત્યારે રૂા. ૩૯૦ ઉપર ચાલે છે અને તેમાં આગામી દિવસોમાં વધારે તીવ્ર ઘટાડા સાથે રૂ. ૩૭૫-૩૬૦નો ભાવ જોવા મળી જાય તે સંભાવના મજબૂત છે.

**ઇન્ડિયા બુલ્સ હાઉસીંગ ફિનાન્સ**માં વચ્ચે-વચ્ચે સટ્ટાકિય લેવાલી આવતી જાય છે, પરંતુ આ કંપનીમાં પણ ઈમેજને અસર પડી છે અને તેથી મોટા ઈન્વેસ્ટરો આકર્ષાય કે કેમ તે પ્રશ્ન છે. અત્યારે રૂા. ૧૫૭ ઉપર છે અને આગામી દિવસોમાં ધીમેધીમે રૂા. ૧૪૫-૧૩૫ સુધી ઊતરી જવાની ગણતરી છે.

સ્મોલ ફિનાન્સ બેંકો એટલે થોડા કડવા શબ્દોમાં લોહી ચૂસતા શાહુકારો અને એકદમ નાના બિઝનેસમેનને આ કંપનીઓ દ્વારા ઊંચા વ્યાજે ધિરાણ આપવામાં આવે છે અને તેમાં કંઈ લાંબો કસ નથી દેખાતો. વચ્ચે એક તબક્કો આવ્યો હતો કે લોકો આ બિઝનેસ તરફ ઘેલા થઈ ગયા હતા, પરંતુ તે પછી તેણે પોતાનો રંગ બતાવી દીધો અને છેલ્લા એક વર્ષથી આમાંના એકેય શેરોએ ઈન્વેસ્ટરોને ખાસ કોઈ રિટર્ન નથી આપ્યું. તળિયાના ભાવ ઉપર પડેલા આ શેરોમાં ૧૫-૨૦ ટકાનો ઉછાળો આવે અને પાછા તૂટી જાય છે અને તેથી આ સેક્ટરથી દૂર જ રહેવામાં શાણપણ છે અને તેમાં **ઇક્વીટાસ સ્મોલ ફિનાન્સ બેંક, ઉજ્જીવાન સ્મોલ ફિનાન્સ બેંક, અને સ્પંદના સ્પૂટિ** જેવા શેરો કહી શકાય. એકંદરે આ સેક્ટર અંગે અમારું કોઈ આકર્ષણ નથી દેખાતું.

ઈન્સ્યોરન્સ કંપનીઓના શેરોમાં પણ અત્યારે નબળાઈનો તબક્કો ચાલી રહ્યો છે. એક વર્ષ પહેલા કોરોનાના ક્લેમ આવ્યા અને નફાશક્તિને અસર પડી તે દલીલ ચાલતી હતી પરંતુ હવે મહદઅંશે કોરોના અદશ્ય થઈ ગયો તેમ છતાં કંપનીઓના આંકડા તદ્દન સામાન્ય છે અને આગામી સમયગાળામાં હજી પ્રાઈવેટ સેક્ટર ઈન્સ્યોરન્સ શેરોમાં મોટી લેવાલી નીકળે તેવી કોઈ સંભાવના નથી લાગતી અને તેમાં એચડીએફસી લાઈફ, એસબીઆઈ લાઈફ, આઈસીઆઈસીઆઈ પ્રૂ. લાઈફ વગેરે શેરો મુખ્ય છે અને સરકારી શેરો ન્યૂ ઈન્ડિયા એન્સ્યોરન્સ અને જનરલ ઈન્સ્યોરન્સ અંગે તો ચર્ચા




કરવાની પણ ઈચ્છા નથી થતી. સદંતર નિરાશાજનક દેખાવ આ બંને સરકારી કંપનીઓના શેરોમાં જોવાયો છે. નુકસાન કરીને પણ આવા શેરોમાંથી નીકળી જવામાં જ સલામતી છે. રાકેશ ઝુનઝુનવાલાની **સ્ટાર હેલ્થ**નો શેર અત્યારે રૂા. ૭૦૨ ઉપ ચાલી રહ્યો છે અને તેમાં પણ નબળો અને ઘટાડાનો ટ્રેન્ડ છે. રાકેશ ઝુનઝુનવાલા તાતાની ટાઈટનમાં કમાયા તેનો શ્રેય તેમને આપવાને બદલે આપણે તાતા ગ્રૂપને આપવો જોઈએ કે તાતા ગ્રૂપે સજ્જડ મેનેજમેન્ટ કરી અને રાકેશ ઝુનઝુનવાલા કરોડપતિ બની ગયા, બાકી તેમના અન્ય રોકાણોમાં ખાસ કોઈ ભલીવાર નથી લાગતો અને તેવો જ દેખાવ સ્ટાર હેલ્થના આઈપીઓમાં પણ આપણે જોયો. આ શેરમાં આગામી દિવસોમાં હજી નબળાઈ જોવા મળે તે સંભાવના મજબૂત છે.

કાચામાલ અને ફ્યુઅલના ભાવમાં તોતીંગ વધારો થવાને કારણે ખાતર કંપનીઓના ઉત્પાદન ખર્ચમાં મોટો ઉછાળો છે અને સરકારે ખાતરના ભાવ પણ વધારી આપ્યા. **ચંબલ ફર્ટિલાઈઝર**નો શેર રૂા. ૪૬૪ ઉપર ચાલે છે અને તેમાં આગામી દિવસોમાં ધીમો સુધારો જોવા મળવાની ગણતરી છે. ધીરે ધીરે ભાવ વધીને રૂા. ૫૧૧ ઉપર આવી જવાની ગણતરી અને તેથી થોડાક શેરો લઈને મૂકી શકાય. મોટા ભાગની ખાતર કંપનીઓ કેમિકલ્સનું ઉત્પાદન પણ ધરાવે છે અને તેમાં છેલ્લા બે વર્ષની નફાશક્તિ સારી છે અને તે દૃષ્ટિએ જોઈએ તો દક્ષિણ ભારતની **સ્પિક**નો શેર રૂા. ૭૮ના ભાવે ધ્યાનમાં રખાય અને તેમાં નાના ઘટાડા પછી હવે ધીરે ધીરે રૂા. ૮૭ આસપાસનો ભાવ આવી જાય તે સંભાવના મજબૂત છે.

ગુજરાતની **જીએસએફસી**નો શેર એક તબક્કે રૂા.૨૦૦ થયા પછી રૂા. ૧૭૬ ઉપર છે અને તેમાં પણ મજબૂત અપટ્રેન્ડ દેખાય છે અને આગામી દિવસોમાં ધીરે ધીરે રૂા. ૧૯૫-૨૧૨નો ભાવ જોવા મળવાની ગણતરી છે. જ્યારે **જીએનએફસી** અત્યારે રૂા. ૮૩૯ ઉપર ચાલી રહ્યો છે અને આ શેરમાં પણ આગામી દિવસોમાં રૂા. ૯૪૦ અને તે પછી ધીરે ધીરે રૂા. ૧૦૦૦નો ભાવ જોવા મળી જાય તો નવાઈ નહિ લાગે. આ બંને શેરોમાં રોકાણ જાળવી રાખજો.

મરુગપ્પા ગ્રૂપની **કોરોમંડલ ઇન્ટરનેશનલ** ખાતરની સાથે સાથે કૃત્રિમ બિયારણનું કામકાજ પણ ધરાવે છે. અત્યારે રૂા. ૯૦૦ ઉપર છે અને આ શેર મજબૂત અપટ્રેન્ડમાં દાખલ થઈ ગયો છે. આવતા થોડા દિવસોમાં તેમાં રૂા. ૧૦૨૨ અને તે પછીના ઉછાળે રૂા. ૧૦૮૨નો ભાવ અને તે પછી રૂા. ૧૧૫૨નો ભાવ જોવા મળી જવાની ગણતરી છે અને તેથી થોડાક શેરો લઈને મૂકી શકાય.

સામે પક્ષે સરકારી કંપની **આરસીએફ** અંગે અનેક ઈન્વેસ્ટરોની ઈંતેજારી હોય છે. આરસીએફ ઘણા લાંબા સમય સુધી રૂા. ૭૦ આસપાસ પડી રહ્યો, પરંતુ તે પછી તાજેતરમાં રૂા. ૧૧૨નું ટોપ બતાવીને રૂા. ૧૦૨ ઉપર મળી રહ્યો છે. આ શેરમા ધીરે ધીરે રૂા.૧૧૦ અને તે પછી રૂા. ૧૧૫નો ભાવ જોવા મળવાની ગણતરી છે. એકંદરે ઉછાળો એકદમ ધીમો હશે તે પાસું ખાસ ધ્યાનમાં રાખવું.

**મેંગ્લોર કેમિકલ્સ એન્ડ ફર્ટિલાઈઝર** અત્યારે રૂા. ૧૧૧ ઉપર

**POLYLINK POLYMERS (INDIA) LIMITED**
**CIN No: L17299GJ1993PLC032905**

Registered Office: 229-230,Village : Valthera,
Taluka – Dholka, Distt. Ahmedabad, Gujarat - 387810

Ph No.: 079-26427800, Fax: 079-26421864
Website:www.polylinkpolymers.com
E-mail: polylink@polylinkpolymers.com

**નોટિસ**

સેબી(લિસ્ટિંગ ઓબ્લિગેશન તથા ડિસક્લોઝર રીક્વાયરમેન્ટ) રેગ્યુલેશન,૨૦૧૫ ના રેગ્યુલેશન ૨૯ તથા રેગ્યુલેશન ૪૯ અન્વયે નોટિસ પાઠવવામાં આવે છે કે તા. ૧૦મી મે ૨૦૨૨,મંગળવારનાં રોજ કંપનીના બોર્ડ ઓફ ડાયરેક્ટર્સની મીટિંગ મળશે,જેમાં ૩૧મી માર્ચ,૨૦૨૨ ના રોજ પૂરા થયેલા ચોથા કર્વાટર અને વાર્ષિક ઓડિટેડ નાણાંકીય પરિણામો પર વિચારણા થશે તેમજ મંજૂર કરવામાં આવશે અને અન્ય બીઝનેસ આઇટમો.

આ નોટીસ કંપનીની વેબસાઇટ **www.polylinkpolymers.com** અને સ્ટોક એક્ષચેંજની વેબસાઇટ **www.bseindia.com** ઉપર પણ જોઇ શકાશે.

પોલીલીંક પોલીમર્સ(ઇન્ડીયા)લીમીટેડ
બોર્ડ ઑફ ડાયરેક્ટર્સના હુકમ થી

તારીખ:૩૦.૦૪.૨૦૨૨
સ્થળ :અમદાવાદ

સહી/-અંકીત વગેરીયા
કંપની સેક્રેટરી